પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com



પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૧/કવા–૦૨/૧૮–૧૯/ 8932-1 તા 25-9-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ડાઈબેન રાજશીભાઈ કંડોરીયા,
C/O, રાજશીભાઈ ફોગાભાઈ કંડોરીયા
પીજીવીસીએલ ની ઓફિસ પાછળ, પોરબંદર રોડ,
ગામ : ખંભાળીયા,
જી. દેવભુમી દ્વારકા, પીનકોડ–૩૬૧૩૦૫
મો: ૯૪૨૬૪ ૮૯૪૧૬

4 A

વિષય :–વિજવિક્ષેપો બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૫–૦૮–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૪૧/કવા–૦૨/૧૮–૧૯ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, જામ ખંભાળીયા

... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી,ખંભાળીયા

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૪૧/કવા–૦૨/૧૮–૧૯ કમિટી મીટીંગ: તા. ૨૦–૦૯–૧૮ સ્થળ : જામનગર

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામ: ડાઈબેન રાજશીભાઈ કંડોરીયા, ગામ: ખંભાળીયા

રજુઆત કરનાર: અરજદાર વતી તેમના પ્રતિનીધી તરીકે રાજશીભાઈ એફ કંડોરીયા હાજર રહેલ છે.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી,ખંભાળીયા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, જામ ખંભાળીયા)

રજુઆત કરનાર :એચ.એસ.કન્ડોલીયા – કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી, જામ ખંભાળીયા

## : હુકમ :

**ફરીયાદ : વિજવિક્ષેપો બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ દાંતા ગ્રામ પંચાયત દાંતા ના સર્વે નંબર: ૨૬૦/૧, પ્લોટ નં.૮,૯,૨૦ અને ૨૧ માં – ગ્રાહક નં.–૩૩૦૭૧/૦૦૮૮૫/૬ વાળુ ૩૦ કીવો નુ વીજજોડાણ ધરાવે છે. તેઓને દિવસમા વારંવાર પાવર સપ્લાય બંધ થઈ જાય છે. તેમજ તેઓનુ પ્રોડકશન પુરતી કેપેસીટીથી લઈ શકતા નથી, તેમના ઉપકરણો ને પણ નુકશાન થાય છે. અરજદારે માહે ઓગષ્ટ–૧૮ નુ વીજબીલ રજુ કરેલ છે, તે મુજબ તેઓની રજુઆત અન્વયે અગાઉ ના ૦૩ માસ ના વીજવપરાશ ની સાપેક્ષમાં – સદર વીજબીલ મા ચોથા ભાગ નો વીજવપરાશ આવેલ છે. તેમજ સબંધક કચેરીમાથી કોઈપણ જાતનો સકારાત્મક પ્રતિભાવ આપવા આવતો નથી. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી ડાઇબેન રાજશીભાઈ કંડોરીયા – ગ્રામ્ય પેટાવિભાગ ખંભાળિયા હેઠળ દાંતા મુકામે ગ્રાહક નંબર ૩૩૦૭૧.૦૦૮૮૫.૬ થી ૩૦ કિલોવોટ નું ઔધૌગિક વીજ જોડાણ ધરાવે છે. સદર વીજ જોડાણ કાંચનપુર સબ સ્ટેશન ના માઇક્રોવેવ જેજીવાય ફિડર માં આવે છે જે ફિડર માં ૭ વિલેજ, ૭ મોટા ભરડીયા અને ૨ એચ ટી જોડાણ નો પણ સમાવેશ થાય છે.<br>માહે મે ૨૦૧૮ થી ૧૦ સપ્ટેમ્બર ૨૦૧૮ સુધીના સમયની કાંચનપુર સબ સ્ટેશન ના માઇક્રોવેવ જેજીવાય ફિડર ની વીજ વિક્ષેપ ની માહિત મુજબ સૌથી વધુ વીજ વિક્ષેપ ૩ કલાક ૨૫ મિનિટ જુલાઈ ૨૦૧૮ માં થયેલ છે ત્યાર બાદ જૂન ૨૦૧૮ માં ૨ કલાક ૨૫ મિનિટ અને ઓગસ્ટ ૨૦૧૮ માં ૨ કલાક ૧૫ મિનિટ વીજ વિક્ષેપ થયેલ છે. જુલાઈ ૨૦૧૮ માં ચોમાસાની ઋતુ હોય વધુ વીજ વિક્ષેપ થયેલ છે. મે અને જૂન ૨૦૧૮ માં ઈએસડી માં વધુ પાવર બંધ રહેલ છે.<br>આમ ગ્રાહક ની અરજી અનુસંધાને તેઓના જણાવ્યા અનુસાર તેઓના વીજ બિલમાં ઓગસ્ટ-૨૦૧૮ નો વપરાસ ઓછો આવેલ છે, જુલાઈ-૨૦૧૮ માસ ના ચોમાસાની સીજન ને લીધે વધુ વીજ વિક્ષેપ થયેલ છે.બાકીના મહિના માં બહુજ ઓછો વીજ વિક્ષેપો થયેલ છે તેમજ ચાલુ માહિનામાં તો કોઈ પણ પ્રકારના વીજ વિક્ષેપ થયેલ નથી.<br>ભવિષ્યમાં ઓછા માં ઓછા વીજ વિક્ષેપ થાય તેવી તકેદારી રાખવા સંબધિત નાયબ ઇજનેર ને સૂચના આપવામાં આવેલ છે. |

**મુદ્દા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંઘાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ડાઈબેન રાજશીભાઈ કંડોરીયા –_ગ્રામ્ય પેટાવિભાગ ખંભાળિયા હેઠળ દાંતા મુકામે ગ્રાહક નંબર ૩૩૦૭૧.૦૦૮૮૫.૬ થી ૩૦ કિલોવોટ નું ઔધૌગિક વીજ જોડાણ ધરાવે છે. સદર વીજ જોડાણ કાંચનપુર સબ સ્ટેશન ના માઇક્રોવેવ જેજીવાય ફિડર માં આવે છે જે ફિડર માં ૭ વિલેજ, ૭ મોટા ભરડીયા અને ૨ એચ ટી જોડાણ નો પણ સમાવેશ થાય છે. માઇક્રોવેવ જેજીવાય ફિડર ની વીજ વિક્ષેપ ની માહિતી નીચે મુજબ છે. |

| Sr. No. | Month | Total T.T | | Total S.F. | | Total P.S.D. | | Total E.S.D. | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Nos. | Time | Nos. | Time | Nos. | Time | Nos. | Time |
| 1 | MAY-18 | 15 | 1.15 hrs. | 1 | 1.00 hrs. | 1 | 0.10 hrs. | 1 | 6.35 hrs. |
| 2 | JUN-18 | 20 | 1.40 hrs. | 2 | 2.25 hrs. | 1 | 0.10 hrs. | 1 | 3.35 hrs. |
| 3 | JUL-18 | 81 | 6.45 hrs. | 3 | 3.25 hrs. | 2 | 2.55 hrs. | 0 | 0.00 hrs. |
| 4 | AUG-18 | 46 | 3.50 hrs. | 3 | 2.15 hrs. | 0 | 0.00 hrs. | 0 | 0.00 hrs. |

પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ **કરાયેલ** – સદર અરજદાર ના પી.આર.ટી.–૧૪૫ મુજબ – વીજવપરાશી યુનીટ ની વિગત નીચે મુજબ છે.

| Sr. No. | Billing Month | Consumption ( Unit)- KWh |
|---|---|---|
| 1 | APR-18 | 8358 |
| 2 | MAY-18 | 7068 |
| 3 | JUN-18 | 9717 |
| 4 | JUL-18 | 8423 |
| | AUG-18 | 2110 |

| | |
|---|---|
| ૩.૨ | ઉપરોકત મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે – સદર અરજદાર ને પાવર સપ્લાય પુરો પાડતા ૧૧ કેવી માઇક્રોવેવ જેજીવાય ફિડર માં વીજ વિક્ષેપ ની સંખ્યા માહે જુલાઈ–૧૮ મા વધારે હોવાથી વીજવપરાશ ઓછો નોંધાયેલ છે, જે અરજદાર ની રજુઆત ગ્રાહય રાખવામા આવે છે, તેમજ સદર ફીડર મા જરૂરી વીજસમારકામ ની કામગીરી દિન–૩૦ મા પૂર્ણ કરવી, જેથી – અરજદારને વીજ પુરવઠો સાતત્ય પૂર્ણ પૂરો પાડી શકાય, તેમ –સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૨ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.